# ચિરાગે હિદાયત



## મૃત્યુ

મૌત એ ખરેખર શરીર અને રૂહ વચ્ચેના સંપર્કનું ખત્મ થવું છે. આપણા ઉપર વાજીબ છે કે આપણે આ અકીદો રાખીએ કે મૃત્યુ ખુદાના હુકમથી આવે છે. તે ઝાત જેણે માં ના પેટમાંથી લઈને મૃત્યુ છેલ્લા દિવસ સુધી રૂહનો શરીર સાથે સંબંધ પૈદા કર્યો, તે જ રૂહનો શરીર સાથેનો સંબંધ પણ કાપી નાખે છે, તે જ આપણને મારે છે અને જીવાડે છે.

"અલ્લાહ જ નફસને મૃત્યુ આપે છે."

*– સૂરએ ઝોમર, આયત નં. ૪૨*

### * મૃત્યુ સાથે દોસ્તી રાખવી જોઈએ :

સૌથી વધુ મહત્વની વાત એ છે કે ઈન્સાન અલ્લાહને મળવાનું મેહબુબ સમજે અને મોઅમીન મૃત્યુને ખરાબ ન સમજે પણ મૃત્યુના ખૌફથી ડરતો રહે. જેથી તે દુનિયામાં ગુનાહોની તૌબા કરી લે, નફસની સુધારણા કરી લે. જયારે પણ ખુદા તેના માટે મૃત્યુનો સમય નક્કી કરે ત્યારે તેને ખુદાની નેઅમત સમજે કે કેટલી જલ્દી તેને સવાબના ઘરમાં પહોંચાડી દીધો અને જો ગુનેહગાર હોય તો એમ સમજે કે મૃત્યુના થકી ગુનાહના રસ્તા બંધ થયા અને સજાનો ઓછો હકદાર થયો.

### * મૃત્યુ સમયેની પહેલી સખ્ત મંઝીલ :

"અને મૃત્યુની બેહોશી હકની સાથે આવી પહોંચી આ તે જ છે જેનાથી તમે દૂર ભાગતા હતા." *–સૂ. કાફ, આ. નં. ૧૯*

આ તબકકો બહુજ મુશ્કિલ છે, જેની માટે મૌલા અલી(અ.સ.) ફરમાવે છે :

"મરનાર થોડીક દૌલતને યાદ કરે છે જેને તેણે જમા કરી હતી અને તે દૌલત મેળવવા માટે મહેનત કરતો રહ્યો અને તે દૌલત ભેગી કરવામાં જે અડચણો આવતી હતી તેની પરવાહ ન કરી, ત્યાં સુધી કે હવે તે દૌલતથી અગલ થવા લાગ્યો અને તે માલ તેના વારસદારો માટે છોડી ગયો અને તેઓ તેનાથી ફાયદો ઉઠાવી રહ્યા છે. આ રીતે તેની તકલીફ પોતાની માટે અને ફાયદાઓ વારસદારો માટે રહે છે."

ઈન્સાન તેના સારા તથા ખરાબ આમાલનું પરિણામ મૃત્યુની આસાની અને સખ્તીમાં પણ જોઈ લે છે.

શેખ કુલૈની(અ.ર.) હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.)થી રિવાયત કરે છે કે એક વખત મૌલા અલી(અ.સ.)ને આખોમાં દુઃખાવો થયો, હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) તેમની અયાદત માટે આવ્યા. ત્યારે આપે જોયું કે હઝરત અલી(અ.સ.) દુઃખાવાના કારણે ફરિયાદ કરી રહ્યા છે કે "યા રસૂલુલ્લાહ! અત્યાર સુધી મને આવો સખ્ત દુઃખાવો કયારે નથી થયો." હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે "અય અલી! જયારે મલેકુલ મૌત કાફિરની રૂહ કબ્ઝ કરવા માટે આવે છે ત્યારે તેને આગનો એવો ગુર્ઝ લગાવે છે જેના થકી તેની રૂહ ખેંચે છે અને જહન્નમ ચીખ મારી ઉઠે છે." મૌલા અલી(અ.સ.) આ સાંભળીને બેઠા થઈ ગયા અને કહ્યું કે "આકા! શું આપની ઉમ્મતમાંથી કોઈની

રૂહ આવી રીતે કબ્ઝ કરવામાં આવશે.'' ફરમાવ્યું ''હા! મારી ઉમ્મતમાંથી ત્રણ માણસોની રૂહ આવી રીતે કબ્ઝ કરવામાં આવશે.

૧) ઝાલીમ હાકીમ,

૨) જેણે યતીમો ઉપર ઝુલ્મ કરી તેનો માલ છીનવી લીધો હોય,

૩) ખોટી ગવાહી આપનાર.''

### * બીજી મંઝીલ : કબ્ર શું કહે છે?

આખેરતના ભયજનક સ્થળોમાંથી એક કબ્ર છે. જે દરરોજ અવાજ આપે છે.

''હું ગરીબોનું ઘર છું, હું ડરાવનાર ઘર છું, હું કીડાઓનું ઘર છું.'' આ જગ્યાએ ઘણી જ ખીણો છે અને બહુજ ભયજનક જગ્યાઓ છે.

એક વખત અમુક લોકોનો એક સમુહ ભેગો થયેલ હતો. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) તેઓ પાસે ગયા તો જોયું કે તેઓ એક કબ્ર ખોદી રહયા છે, રસૂલુલ્લાહ(સ.અ.વ.) તે કબ્રના એક કિનારે બેસી ગયા અને એટલું રડ્યા કે આંસુથી માટી ભીની થઇ ગઇ. પછી તે લોકોને જોઇને કહ્યું ''અય મારા ભાઇઓ! આવા મકાન માટે તૈયારી કરો.''

### * ત્રીજી મંઝીલ : સવાલ-જવાબ

જે બાબતો ઉપર ભરોસો રાખવો શિયા મઝહબનો ભાગ છે. તેમાનો એક આ પણ છે કે 'સવાલે મુન્કરો-નકીર ફીલ કબ્રે હક્ક.'

કબ્રમાં ઈન્સાનને અકીદાઓ અને આમાલના બારામાં સવાલ કરવામાં આવે છે જેમકે નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ અને એહલેબૈત(અ.મુ.સ.)ની મહોબ્બત. ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)થી રિવાયત છે કે ''ઉસુલે દીન અને ફુરૂએ દીનના બારામાં સવાલ પછી પૂછવામાં આવે છે કે તારી ઉમ્રને કયાં વેડફતો રહ્યો? માલ કેવી રીતે કમાણો અને કયાં ખર્ચ કર્યો?''

અઝીઝો! ઈન્સાન પોતાની આખી ઝિંદગીને પોતાની ઔલાદ અને ઘરવાળા પાછળ ખર્ચે છે અને એજ ઈન્સાન મર્યા પછી કેટલો મોહતાજ થઈ જાય છે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી આપના એક સહાબીએ ફરમાવ્યું કે ''તમારા મુર્દાઓને હદીયો પહોંચાડો.'' જયારે પૂછવામાં આવ્યું કે ''આ હદીયો શું છે?'' તો જવાબ મળ્યો કે ''સદકો અને દુઆ.''

''દર જુમ્આના દિવસે રૂહો આસમાનથી પોતાના ઘરો સામે આવીને ફરિયાદ કરે છે અને રડીને કહે છે ''અય મારા સંતાનો! અય મારા સગાઓ! ખુદા તમારી ઉપર રહેમત નાઝિલ કરે તમે અમારી ઉપર મહેરબાની કરો. જે કાંઈ અમારા હાથમાં હતુ તેનો હિસાબ અને અઝાબ અમારી ઉપર છે અને નફો બીજાઓ માટે.'' દરેક પોતાના સગાઓને ફરિયાદ કરે છે કે ''એક દીરહમ કે એક રોટલી થકી મહેરબાની કરો જેથી ખુદા તમને જન્નતનો પહેરવેશ આપે.'' પછી હઝરત

રસૂલેખુદા(સ.અ.વ.) રડી પડયા અને ફરમાવ્યું "તમારા દીની ભાઈઓ છે જે મોજશોખના જીવન પછી માટીના ઢગલા નીચે દબાએલા પડયા છે. તેઓ પોતાના નફસ ઉપર અઝાબ અને હલાકતના કારણે આક્રોશ કરે છે અને કહે છે કે અફસોસ અમે અમારી મૂડી ખુદાની તાબેદારી અને તેની ખુશી માટે ખર્ચ કરી હોત તો આજે તમારા મોહતાજ ન હોત."

અઝીઝો! જયારે કોઈ પણ સદકો મય્યત માટે આપવામાં આવે છે ત્યારે ફરિશ્તાઓ તેને એક નુરાની થાળીમાં લઈને તે મય્યતની કબ્ર પાસે ઉભા રહીને કહે છે, "અસ્સલામો અલયકુમ યા અહલલ કોબુરે."

"આ હદીયો તમારા સગાઓએ તમારી તરફ મોકલ્યો છે. મૈયત લઈને તેની કબ્રમાં દાખલ થાય છે અને કબ્ર પહોળી થઈ જાય છે."

જે શખ્સ પોતાના મરહુમ ઉપર સદકાથી મહેરબાની કરે છે તેને અલ્લાહ ઓહદના પહાડ જેટલો બદલો આપે છે. કયામતના દિવસે તે આસમાનના છાયામાં હશે. આ સદકાથી જીવતા અને મૃત્યુ પામેલા બંને છુટકારો મેળવે છે.

આવો! આપણે અલ્લાહથી દુઆ કરીએ કે એહલેબૈત(અ.મુ.સ.)ના સદકામાં આપણા મરહુમોની મગફેરત કરે અને તેમના વતી કારે ખૈરની તૌફીક અતા કરે તેમજ ઈમામે ઝમાના(અ.સ.)નો જલ્દી ઝુહુર કરે. ઈલાહી આમીન

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com